**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,**
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨,બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
રાજ્યની તમામ યુનિવર્સિટીઓ,

વિષય : સરકારી કોલેજોના જોડાણનું જાહેરનામું બહાર પાડવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : પરચ/૨૦૧૮/૮૦/ખ-૧, તા.૧૨/૦૬/૨૦૧૮

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) સામેના તા.૧૨-૦૬-૨૦૧૮ના પત્રથી સરકારી કોલેજોના જોડાણ મંજુર કરવા અંગેની સુચના આપવામાં આવેલ હતી. જેની વિગતે નીચે જણાવ્યાનુસારની કાર્યરીતિ અનુસરવા આથી જણાવવામાં આવે છે,

- જે સરકારી કોલેજો કામચલાઉ જોડાણ ધરાવે છે અને તેવી કોલેજોને કાયમી જોડાણ માટેની અપેક્ષા ધરાવે છે, તેવી કોલેજોને ૩ થી ૫ વર્ષ કામચલાઉ જોડાણ મંજૂર થયાને વિત્યા હોય, તેવી કોલેજોને નિશુલ્ક કાયમી જોડાણની કાર્યવાહી કરવાની થાય છે,
- સરકારી કોલેજના યુનિવર્સિટી સાથેના નવા/ચાલુ/કાયમી જોડાણ અંગેની કામગીરી યુનિવર્સિટી મારફતે કરવામાં આવતી હોય છે. આથી, સરકારી કોલેજોએ જોડાણનું જાહેરનામું બહાર પાડવા અંગેની દરખાસ્ત સંબંધિત યુનિવર્સિટી મારફત જ અત્રેની કચેરીને રજુ કરવાની રહેશે.
- સંબંધિત યુનિવર્સિટીઓ દ્વારા સરકારી કોલેજ મારફત મળેલ દરખાસ્તોમાં નીચે જણાવ્યાનુસારના રેકર્ડની ખરાઇ અને ચકાસણી કરવાની રહેશે,
    1. સંબંધિત કોલેજને સરકારશ્રી દ્વારા મળેલ મંજુરી અંગેનો ઠરાવ,
    2. નામભિધાનમાં ફેરફાર થયેલ હોય તો તે અંગેનો ઠરાવ(લાગું પડતું હોય તે સંસ્થાઓએ રજુ કરવાનું રહેશે)
    3. ચાલુ જોડાણ કે કાયમી જોડાણના કિસ્સાઓમાં સરકારશ્રી તરફથી અગાઉ જોડાણ આપવામાં આવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ,
    4. યુનિવર્સિટી કક્ષાએથી પ્રમાણિત કરેલ નમૂનો-અ
    5. યુનિવર્સિટી કક્ષાએથી પ્રમાણિત કરેલ નમૂનો-બ
    6. સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ(LIC)
    7. સંબંધિત યુનિવર્સિટીની સત્તામંડળ દ્વારા પસાર કરવામાં આવેલ કારોબારી સમિતિનો ઠરાવ/ભલામણ,
    8. ફાયર સેફ્ટી સર્ટીફીકેટની અદ્યતન વિગતો
- સરકારી કોલેજોની દરખાસ્તોની ઉપર જણાવ્યાનુસારની ક્રમબધ્ધ ચકાસણી કરી તે મુજબની વિગતો વર્ષવાર જ બિડાણમાં આમેજ કરીને દરખાસ્ત યુનિવર્સિટી મારફત જ અત્રે મોકલી આપવાની રહેશે. તેમજ વર્ષવાર પીડીએફ બનાવી ddurniversity-che@gujgov.in પર મોકલવાની રહેશે.
- નવી મંજૂર થયેલ સરકારી કોલેજોને પ્રથમ નવું અને ત્યારબાદના વર્ષોનું ચાલુ જોડાણ મેળવવાનું રહેશે. જે સરકારી કોલેજોને અગાઉની દરખાસ્ત અનવયે આજ દિન સુધી જોડાણ મંજૂર થયેલ ના હોય તેવી કોલેજોએ પુન: યુનિવર્સિટી મારફત ઉપરોક્ત આધારો મુજબ નિયત નમૂનામાં સત્વરે દરખાસ્ત કરવાની રહેશે. વધુમાં, સરકારી કોલેજોને કાયમી જોડાણ માટે ૩-વર્ષના વિત્યા બાદ જ આધાર પૂરાવાઓ સાથે યુનિવર્સિટી મારફત દરખાસ્ત કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ.</u>
આચાર્યશ્રી, તમામ સરકારી કોલેજો

File No: CHE/PRO/e-file/103/2026/1853/UNIVERSITY
Approved By: Commissioner,ADMIN,CHE
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



---

<u>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત</u>

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે,
......ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગરના ઉપરોક્ત પત્ર સંદર્ભે "સરકારી કોલેજના જોડાણના જાહેરનામાં મળેવવા અંગેની દરખાસ્તની કાર્યરીતિ મુજબ ચાલુ જોડાણ કે કાયમી જોડાણના જાહેરનામા મેળવવા સત્વરે દરખાસ્ત કરવા" જાણ તથા ઘટતું કરવા સારું.

ક્રમાંક : જોડાણ/સરકારી/જાહેરનામા/૧૪૦૨૬/૨૦૨૬
તા.૨૩-૦૬-૨૦૨૬

કુલસચિવ